# ADINET e-News Digest

અમદાવાદ લાયબ્રેરી નેટવર્ક ઈ-ન્યૂઝ ડાયજેસ્ટ

No. 6 March 2015


## ગ્રં.મા.સે સમાચાર

### ઈન્ટરનેટ ઓફ થીંગ્સ (IOT)ને સ્થિતિને ધડમૂળથી બદલી નાખનારુ ગણાય છે જે મુખ્ય વ્યાપાર સંચારનું માધ્યમ બનશે

ઉપભોકતાની જરુરીયાત અને સેવાને IOT સંચારના સાધનોને જોડે છે. વાયરલેસ નેટવર્ક એવું ઉભુ થઈ રહ્યું છે જેમાં માનવ સંચારના સાધનો વગર એક બીજાને સહાયક થાય છે એ નોંધપાત્ર વસ્તુ છે કે આ વાયરલેસ યંત્રો કેટલા પ્રકારે એકબીજાથી જોડાઈ નેટવર્ક ઉભુ થયેલ છે. ગાર્ટરના મતે સન ૨૦૨૦ સુધીમાં ૧ બીલીયન (મહાપધ્મ) વાયરલેસ યંત્રો એકબીજાથી જોડાયેલ હશે.

આપણે અનુભવીજ રહયા છીએ કે આ વાયરલેસ યંત્રોનો વિસ્ફોટક વધારો થઈ રહ્યો છે. ૨૦૦૯માં આ આંકડો ૧ બીલીયનથી ઓછો હતો પણ સ્માર્ટ ફોનના ઉદભવથી IOTનો વિસ્ફોટક વધારો થયો છે અને હવે આ સ્માર્ટ વસ્તુઓનો વધારો થતોજ રહેવાનો. આપણે સ્માર્ટ શહેર, સ્માર્ટ સમાજ, સ્માર્ટ ઘરઘથ્થુ સાધનો, સ્માર્ટ સ્વાસ્થ સુધારક સાધનો વગેરેથી ઘેરાઈ જઈશુ. આ બદલાતા વાતાવરણમાં

આપણે શીખવાનું અને જ્ઞાન સંપાદન અને વિસ્તરણ કરવાનો મહાવરો વધારવો પડશે.

ઈન્ટરનેટ ઓફ થીંગ્સ (IOT) એ એવી રીતે ડીઝાઈન કરવામાં આવે છે જેમાં માનવ ઈન્ટરફેસ વગર ચલાવી શકાય તો પછી માનવ તત્વ કયાં વચ્ચે આવ્યું ? ઈન્ટરનેટ ઓફ થીંગ્સ અને પરિણામીત ડેટામાં એટલું સામર્થય છે કે માનવ ઈન્ટરફેસને સ્માર્ટ બનાવે. પરંપરાગત શિક્ષણ પધ્ધતિ અને અભ્યાસક્રમ હવે ધીરે ધીરે ઓછુ થઈને શીખનારની પોતાની ગ્રહણ શકિત અનુસાર અને તેની પોતાની અનુકૂળ ગતિએ ઓન લાઈન શીખવાની પધ્ધતિ અમલમાં આવતી જાય છે.

શિક્ષણ સંચાલન અને જ્ઞાન પધ્ધતિનું IOT સાથે સુસંગત થવું જરુરી છે. સાથે વિશાળ કદના ડેટાનું પૃથ્થકરણ કરી શકે તે પણ જરુરી છે જેને લીધે તાલીમનું મુખ્ય કેન્દ્રબીદું શું છે તે સમજી શકાય છે અને તે દરેકને પોતાની સમજ પ્રમાણે બનાવ્યું હોવાથી વિકાસ પણ થાય છે. આ રીતે ડેટા આંતરરાષ્ટ્રિય સ્તરના અને વૈશ્વિક રીતે નીવડેલા હોવાથી તેના વડે મેળવેળ પરીણામો પણ આંતરરાષ્ટ્રિય રીતે શ્રેષ્ઠ તરીકે સ્વીકારાય છે. નોલેજ મેનેજમેન્ટ સીસ્ટમને વ્યવહારુ નોલેજ અપડેશન સાથે જોડવું પડશે. IOT અને SMAC (સોસીયલ મીડીયા, મોબીલીટી એનાલીસીસ અને કલાઉડ) એ વેપર અને તેના મુલ્યોનું પુન: મુલ્યાંકન કરવા પ્રેરે છે.

IOT અને બીગ ડેટાની જ્ઞાનની વ્યકિતગત જરુરને પણ નવી વ્યાખ્યા આપવી પડશે કારણ

બદલાતી ટેકનોલોજીમાં સંચાર માધ્યમો દ્વારા વાયરલેસ પધ્ધતિથી માહિતી મોકલવાની પધ્ધતિ બદલાઈ ગઈ છે.

સંદર્ભ| Business Line | 22 December 2014

## કલાઉડ કોમપ્યુટીંગથી ઈજનેરી વિધાર્થીઓનો અભ્યાસક્રમ સરળ થશે

**હૈદરાબાદ** : કલાઉડ કોમપ્યુટીંગના જાદુઈ શબ્દ સાથે વિધાર્થીઓ પોતાના સહપાઠીને ઈન્ટરનેટ પર મળી તેમના અભ્યાસક્રમનો ટાઈમ સ્લોટ, ફેકલ્ટી, વગેરે દરેક સીમેસ્ટરે નકકી કરી શકે છે.

પ્રીમીયર એજયુકેશન ઈન્સ્ટીટયુટ, VIT યુનિવર્સીટી એવો ફલેકસીબલ ક્રેડીટ સીસ્ટમ (FFCS), જે વિધાર્થીને યુનિવર્સીટીના પ્રો. ડો. બ્રીજેશ નાયર, હેન્સ ઈન્ડીયા સાથે વાત કરતાં જણાવ્યું કે એવી ક્રેડીટ સીસ્ટમ તૈયાર કરી છે તેમાં પોતાની અનુકૂળતાએ આ રોબર્સ્ટ સીસ્ટમના ઉપયોગથી ૨૬૦૦૦ વિધાર્થી આખા દેશમાં ભણે છે જેના મુખ્ય બે કેમ્પસ તામીલનાડુમાં વેલુર અને ચિન્નાઈમાં છે.

વિધાર્થીઓને ૨૦ જેટલા ટાઈમ સ્લોટના વિકલ્પ મળે છે અને ૧૦ ફેકલ્ટી મેમ્બર મેન્ટોર તરીકે પસંદ કરી શકે છે.

દરેક સેમેસ્ટરની શરુઆતમાં પોતાના અનુકૂળ ટાઈમ સ્લોટમાં રજીસ્ટર કરી પોતાના પસંદ કરેલ મેન્ટોર પાસે અભ્યાસ કરે છે. અભ્યાસમાં રજીસ્ટ્રેશન પછી જુદા જુદા ઈન્ટર ડીસીપ્લીનરી કોર્સની પસંદગી કરી શકે છે અને વધારાનું કૌશલ્ય મેળવે છે. આ આ વર્ષે ઓન લાઈન પરીક્ષા અને ફેકલ્ટી મૂલ્યાંકન કરી પરીણામ પણ ઓન લાઈન આપે છે.

આમાં કોઈ હ્યુમન ઈન્ટરફેસ (માનવ હસ્તક્ષેપ) જરાય નથી છતાં વડીલો ઈચ્છે ત્યારે તેમના પાલકની પ્રગતિ માટે તેમના રેકોર્ડસ ચેક કરી શકે છે. તેમના છાત્રાલયો પણ બાયોમેટ્રીક સીસ્ટમથી સજ્જ હોય છે. પ્રતિદિન ૮ વાગ્યા સુધીમાં વિધાર્થી રજીસ્ટર ન કરે તો રીમાઈન્ડર આવવાનું ચાલુ થઈ જાય છે.

આધ્ર પ્રદેશ – તેલંગાનામાં આ યુનિવર્સીટી વિધાર્થીઓની ફેવરેટ છે અને હવે તો લીમ્કા બુક ઓફ રેકોર્ડમાં નોંધાયેલ છે અને મહત્તમ વિધાર્થીઓને કામ પણ મળી જાય છે.

સંદર્ભ| http://www.thehansindia.com/

## ગુજરાત યુનિવર્સીટી રાજયની શ્રેષ્ઠ યુનિવર્સીટી : શોધગંગા

તાજેતરમાં શોધગંગા દ્વારા થયેલ મુલ્યાંકનમાં ગુજરાત યુનિવર્સીટી રાજયની શ્રેષ્ઠ અને રાષ્ટ્રમાં ૨૦મા નંબરે આવે છે. ભારતની ૧૯૩ યુનિવર્સીટી દ્વારા વપરાયેલા માહિતી સ્રોત અને રજુ થયેલ પ્રકાશિત થયેલ પેપરના આધારે અભ્યાસ થયો છે. ગુજરાતની બીજી બે સૌરાષ્ટ્ર અને મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના રાષ્ટ્રમાં અનુક્રમે ૨૨મા અને ૩૫મો ક્રમ આવે છે. યુ.જી.સી.ની જાહેરાત પ્રમાણે ગુજરાતની ૧૨ યુનિવર્સીટી અને રાષ્ટ્રની ૪૦ યુનિવર્સીટીને શ્રેષ્ઠની યાદીમાં મુકાઈ છે. આ યાદીમાં

જવાહરલાલ નહેરુ યુનિવર્સીટી, અન્ના યુનિવર્સીટી અને મહાત્મા ગાંધી યુનિવર્સીટીનો સમાવેશ થાય છે.

શોધગંગાના વરિષ્ઠ વૈજ્ઞાનિક મનોજ કુમારે જણાવ્યું કે ૧૯૩ યુનિવર્સીટીમાંથી ૪૦ મોખરે છે જેમણે આ શોધગંગામાં પ્રકાશનની માહિતીમાં ફાળો આપ્યો છે. આમાં ગુજરાત યુનિવર્સીટીના સૌથી વધુ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અને મ. સ. યુનિવર્સીટીનો ફાળો અનુક્રમે ૨૮૧ અને ૧૫૮ થીસીસનો છે. મનોજ કુમારના કહેવા પ્રમાણે શોધગંગા ના મુખ્ય ચાર કાર્યો છે. ઈલેકટ્રોનિક સ્વરૂપે થીસીસ અને ડેઝરટેશન અપલોડ કરવા ડીજીટલ લાયબ્રેરી કોંસોર્ટીયમની રચના, ઈ-બુકસ અને ઈ-જર્નલ્સ નોંધાયેલ સભ્ય સંસ્થાઓને ઉપલબ્ધ કરાવવું અને SOUL-2 લાયબ્રેરી ઓટોમેશનનું સોફ્ટવેર ઉપલબ્ધ કરવું.

**શોધગંગા વિશે :-** shodhganga@inflibnet જણાવે છે તેમ કેન્દ્ર તેના સંશોધક વિધાર્થીઓને તેમની phd થીસીસને ઈલેકટ્રોનીક સ્વરૂપે રજુ કરવા ફલક આપે છે જે બધાને વાપરવા ઉપલબ્ધ બને છે અને રીપોઝીટરીમાં ઈલેકટ્રોનીક સ્વરૂપે થીસીસ મેળવી, તેને ઈન્ડેકસ કરી, સંગ્રહે અને વાપરવા ઉપલબ્ધ કરે અને આ સ્વરૂપે સાચવે જેને ETD કહે છે.

સંદર્ભ|

http://www.ahmedabadmirror.com/

## દ્રષ્ટિથી પડકારાયેલા વાંચી-લખી શકે તેવું સોફ્ટવેર

દ્રષ્ટિથી પડકારાયેલા હવે પાઠયપુસ્તક સામાયિક વાંચી શકે છે. ડેસ્કટોપ પર ખાસ સોફ્ટવેરથી કોમ્પોઝ પણ કરી શકશે. વિજ્ઞાન યુનિવર્સીટીના કોમ્પ્યુટર સાયન્સ ડીપાર્ટમેન્ટ દ્વારા આ સોફ્ટવેર ડીઝાઈન કરાયું છે. ડેવલપમેન્ટ ઓફ એજયુકેશનલ સ્યુટ ફોર વિઝયુઅલી ચેલેન્જડ સ્ટુડન્ટસ ઈન કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફરમેશન ટેકનોલોજી એ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાના ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા મંજુરી પામેલ સોફ્ટવેર પ્રોજેકટ છે.

DST એ આ પ્રોજેકટ માટે બીજા રૂ. ૪૩.૧૭ લાખ મંજુર કરેલ છે.

નારસારાપેઠના કલાભારતી અને ગર્વમેન્ટ સ્કુલ ઓફ ફોર વિઝયુઅલી ચેલેન્જડના વિધાર્થીઓ અને ફેકલ્ટી મળીને ૭૦ જેટલા વિધાર્થીઓને તાલીમ આપે છે. આ સાથે તેમને આ સોફ્ટવેર નાખેલ લેપટોપ અને ડેસ્કટોપ આપવામાં આવ્યા છે અને હજી બીજા વિધાર્થીઓને તાલીમ આપશે એવું પ્રો. એ. રઘુનાથ અને CSE કે. વી. કીશન કીશોરે કહ્યું. આ માટે જરૂરી કોમપ્યુટર કેમ્પસની લાપબ્રેરીમાં પણ રખાયાં છે.

સંદર્ભ| http://www.thehindu.com/

## ઈન્ટરેકટીવ સાયન્સ મ્યુઝિયમ : બેંગ્લુરુ

ટ્રીનીટ કોલેજ સબલીનની સમાંતર સાયન્સ ગેલેરી બેંગ્લુરુમાં ૨૦૧૭ સુધીમાં ખુલ્લી મુકાશે અને એ એશીયામાં પહેલી આવા પ્રકારની જાતે પ્રયોગ કરી શકાય તેવી ગેલેરી બનશે. ૨૦૨૦ સુધીમાં ગ્લોબલ સાયન્સ ગેલેરી નેટવર્ક

(GSGN) ડબલીન હેડકવાર્ટરને બેંગ્લુરુની એવી આઠ યુનિવર્સીટી સાથે જોડી દેશે. ઈન્ડીયન ઈનસ્ટીટયુટ ઓફ સાયન્સીઝ (IISc) ગેલેરીનું શૈક્ષણિક ભાગીદાર બનશે.

વૈજ્ઞાનિક માટે આ એક એવું ફલક રહેશે જેમાં પ્રયોગો કરીને પોતાના પરિણામોની પુષ્ટિ કરશે. બેંગ્લુરુનું સાયન્સ ગેલેરી GSGN વધારાનું એક કેન્દ્ર બની રહેશે. ડબલીનમાં GSGNને હાલમાં ગુગલ તરફથી ૧ મીલીયન યુરોની ગ્રાન્ટ મળી છે. બેંગ્લુરુનું કેન્દ્ર ભારતીય યુનિવર્સીટી અને આઈરીશ વચ્ચે સહકારનું કેન્દ્ર બનશે. આની પાછળનો હેતુ યુવા વર્ગમાં વિજ્ઞાન અને તેના પછીની પેઢીમાં શોધની એક જવાળા પ્રગટાવવાનું છે તેમ ચેરીસ હોન ગેલેરીના પ્રમુખનું કહેવું છે. આને દર વર્ષે દરેક કેન્દ્રમાં પ્રદર્શન પણ કરશે અને તે સાથે પરિભ્રમણ પણ કરશે.

સંદર્ભ | Hindustan Times | 24 December 2014

---

## કેરાલામાં શાળાઓમાં ડીજીટલ પાઠયપુસ્તકો મળશે.

કેરાલામાં શિક્ષણ ક્ષેત્રે એક મોટી શરુઆત થઈ રહી છે. સરકારી શાળાઓમાં "ડીજીટલ કોલેબરેટીવ ટેકસ્ટબુક" (DCT) નામનો મલ્ટીમીડીયામાં પાઠયપુસ્તકનો પ્રયોગ કરાશે. આ ડીજીટલ પાઠય પુસ્તકમાં મૂળ પાઠયપુસ્તકને સ્કેન કરી ડીજીટલી રજુ કરવા ઉપરાંત આજુબાજુ અને વિશ્વમાં રજુઆત કરતા લોકોના ઓડીયો અને વિડીયોને પણ સમાવી લેવાશે.

રાજય સરકારે નકકી કર્યું કે DCT બધી ગર્વમેન્ટ સ્કુલમાં પ્રાયોગિક ધોરણે આવતા શૈક્ષણિક વર્ષથી જૂન મહિનામાં ચાલુ કરવું. એ. શાહજહાન, ડીપાર્ટમેન્ટ ઓફ જનરલ એજયુકેશનના સેક્રેટરીએ પી.ટી.આઈને આ જણાવ્યું હતું.

શિક્ષકો અને વિધાર્થીઓ ટેબલેટ પર કે શાળામાં ગોઠવેલ ઈ લર્નિંગ સેન્ટરમાં DCT વાપરી શકે. રાજયના જનરલ એજયુકેશન ડીપાર્ટમેન્ટ ડીજીટલ કોલેબરેટીવ ટેકસ્ટબુક આવતા મહિનાની શરુઆતમાં IT@School ચાલુ કરવા ધારે છે. IT@Schoolના વરિષ્ઠ અધિકારીના મતે કેરાલા મલ્ટી-મીડીયા ટેક્સ્ટબુક ચાલુ કરનાર પહેલું રાજય હશે.

IT@School ના કાર્યકારી નિયામક કે. પી. નાઉફાલે પી ટી આઈને જણાવ્યું કે મુળ તો આ કાર્યક્રમમાં પાઠયપુસ્તકો સ્કેન કરીને મુકવાના હતા પણ માહિતીના ભરાવો અને વિષય નિષ્ણાતોના પ્રદાનથી આ એક અદ્વિતિય કાર્યક્રમ થઈ ગયો.

તેમના મત ૩.૭ મીલીયન વિધાર્થી અને બે લાખથી વધુ શિક્ષકો રાજયમાં તેનો લાભ લેશે તેવી આકાંક્ષા છે. તેમણે જણાવ્યું કે ડીપાર્ટમેન્ટ ખાનગી શાળાઓ સાથે પણ આ માહિતી વહેંચવા તૈયાર છે તેને માટે શાળામાં સરકારી પાઠયક્રમ હોવો જોઈએ.

સંદર્ભ| Business Line | 29 December 2014

---

## ટુંક સમયમાં ગુગુલની રીયલ ટાઈમ વ્યાખ્યાનનું વિવિધ લીપીમાં ભાષાંતર કરવાનું સાહસ

ન્યુયોર્ક ટાઈમ્સના રીપોર્ટ પ્રમાણે ગુગલ રીયલ ટાઈમમાં બોલાયેલ ભાષણનું ભાષાંતર જાણીતી ભાષાઓમાં કરી શકે તેવી "ટ્રાન્સલેટ એપ" બહાર પડશે.

ગુગલના મંતવ્ય પ્રમાણે આ એપના ૫૦૦ મીલીયનથી વધુ ઉપયોગ હશે. ૯૦થી વધુ ભાષામાં તે કામ કરશે. વ્યાખ્યાનનું ભાષાંતર થોડી ઘણી જાણીતી ભાષાઓમાં કરશે.

મોટાભાગની એન્ડ્રોઈડ ડીવાઈસ પર એ મદદરૂપ થાય તેમ વપરાશે અને હાલમાં આ એપ જેમાં છે તેમાં જાતે નવી એપ અપલોડ થઈ જશે.

## UG અને PGના અભ્યાસક્રમ ઈ સ્વરૂપે

INFLIBNET પોર્ટલ પર એક મહિનામાં UG અને PGના અભ્યાસક્રમો e-સ્વરૂપે મળશે. યુ.જી.સી.ના વાઈસ ચેરમેન એચ. દેવરાજના જણાવ્યા મુજબ ૭૭ સ્નાતક કક્ષાના અને ૭૮ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ મહિના દિવસમાં યુજીસી દ્વારા સંચાલીત INFLIBNET પોર્ટલ પર ઉપલબ્ધ હશે.

રાષ્ટ્રિય સચિવાલય અંતર્ગત માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણના રાષ્ટ્રિય હેતુ માહિતી અને સંચાર ટેકનોલોજી દ્વારા શરુ કરાશે. જેને માટે રૂ. ૪૦૦ કરોડ અનામત રખાયા છે.

આ પૈકી રૂ.૧૦૦ કરોડ UGC ને અપાયા. આની અંતરગત બે કાર્યક્રમ હાથ ધરાયા છે. કોલેજ કક્ષાના ૭૭ વિષયોની માહિતી ઈ-કન્ટેન્ટ તરીકે મુકાશે. જયારે ૭૮ અનુસ્નાતક કક્ષાના વિષયોની ઈ-પાઠશાળા માટે છે. આ માટે ઈ-કન્ટેન્ટ થોડા દિવસમાં INFLIBNETના પોર્ટલ પર મુકાશે અને તે વિધાર્થીઓ વિનામુલ્યે ડાઉનલોડ કરી શકશે. શનિવારે VIT આંતરરાષ્ટ્રિય પરીસંવાદ દરમ્યાન તેઓએ પત્રકારોને અનઔપચારિક વાતચીત દરમ્યાન કહ્યું.

તેમણે કહ્યું કે ઈ-કન્ટેન્ટ ઉપલબ્ધ બનતાં પાઠયપુસ્તકોની જરૂર નહી રહે અને આગળ ઉપર "મેસીવ ઓનલાઈન ઓપન કોર્સ" પણ ચાલુ કરાશે. તેમણે કહ્યું કે ઓરીસા અને બિહારમાં GER ૧૦% પાર નથી કર્યુ. જયારે દેશના બાકીના ભાગમાં GER ૧૯% છે. આપણે લાંબી મઝલ કરવાની છે.

છેલ્લા ૬૦ વર્ષમાં UGC એ ઉત્તમ પાયો નાખ્યો છે. ૩૯૬૭૧ કોલેજો અને ૭૬૧ યુનિવર્સીટી તેની અંતર્ગત છે.

આ બધાને પુરતી સહાય અપાઈ છે જેથી પાયાનો વિકાસ થઈ શકે.

UGC એ પાયાની સહાય પછી હવે ઉત્તમ ગુણવત્તાની અપેક્ષા છે તે માટેની નિયમન અને સંચાલન પધ્ધતિ વિકસાવીશું. દેશની જરુરીયાતને ધ્યાનમાં રાખીને દેશમાં શૈક્ષણિક વાતાવરણ ઉભુ કરવાની જરૂર પર ભાર મૂકયો.

## NAACની સમય મર્યાદા

પ્રો. દેવરાજે જણાવ્યું કે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડેશન કાઉન્સીલનું નિર્માણ સંસ્થાની પ્રમાણભૂત કરવા માટે છે.

જૂન મહિના સુધીમાં બધી સંસ્થાઓએ NAAC માટે અરજી કરવાની રહેશે. NAAC દ્વારા મુલ્યાંકન અને પ્રમાણિત થવું જરુરી છે. જોકે NAAC માં સ્ટાફની અછત છે. હાલ ૨૫ વ્યકિતઓ અપાઈ છે.

રાષ્ટ્રિય એક્રેડેશન રેગ્યુલેટરી સત્તા દ્વારા ઉચ્ચ શિક્ષણના માનકનું બીલ સંસદમાં પડયું છે, તે મંજૂર થતાં બધી સંસ્થાઓ અને ખાનગી સંસ્થાઓ પણ પ્રમાણિત થવા સજાગ થશે.

VIT ના કુલપતિ જી. વિશ્વનાથને જણાવ્યું કે આંતરરાષ્ટ્રિય વિધાર્થીઓમાંથી ઓછામાં ઓછા ૧૦% વિધાર્થી ભારતમાં શિક્ષણ મેળવવા આવવા જોઈએ.

અનુવાદક :- **સ્વધા મજમુદાર**